ॐ

॥ શ્રી વીતરાગાય નમઃ ॥
॥ પરમોપકારી શ્રી કહાનગુરુદેવાય નમઃ ॥
॥ વન્દે ભગવતી માતરમ્ ॥

# મંગલ સમ્યક્‌વાણી

## ભાગ–૨

(પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની તત્ત્વચર્ચા વિષયાનુસાર)
(ટ્રેક નં. ૨૧-૪૦)

## ટ્રેક નં. ૨૧ : શ્રદ્ધા, દૃષ્ટિ, પ્રતીતિ, લક્ષ્ય, ધ્યેય વિષે

✻ ઝાડને મૂળ પહેલા હોય કે ફળ? મૂળ કાપી લો તો શું થાય? સ્વભાવની સાચી શ્રદ્ધા જ મોક્ષમાર્ગનું મૂળ છે. કેવી શ્રદ્ધા? કેવી દૃષ્ટિ? કેવું ધ્યેય? એ સમજીએ પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચામાંથી.

✻ માંગલિક :

✻ ભક્તિ : ધ્રુવધામે દૃષ્ટિ રે, જાતા, અરે, પર્યાયો આ ભૂલાઈ જાતાં,
સુખના હવે લ્યોને સપાટા રે,
એ ગુરુજી એમ મારા ચેતનને સમજાવી લેશોજી.

❀ બહેનશ્રી : ધ્યેય રાખવાનું. ઉપયોગમાં એક ધ્યેય રાખવાનું. એક ધ્યેય—આત્મા કેમ ઓળખાય એ એક જ્ઞાયક આત્મા ધ્યેય. એ જીવનમાં નિર્ણય કર્યો છે, એ નિર્ણયની દૃઢતાથી આગળ જવાનું. અંદર પોષાણ થાય એ પુરુષાર્થ કરવો, ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો. શુભભાવમાં દેવ-ગુરુ-શાસ્ત્રની આરાધના ને એમાં અંદર જ્ઞાયકદેવની આરાધના અને મહિમા. બસ! બીજા બધા વિભાવભાવોને ગૌણ કરી દેવા અને જ્ઞાયકદેવને મુખ્ય કરીને જીવન જાય બસ! એ એક જ ધ્યેય. એ જ ધ્યેયની દૃઢતા. જે નક્કી કર્યું કે આવી રીતે જીવન ગાળવું, એ જ ધ્યેય, એ દૃઢતાથી આગળ જવાનું

છે. શાસ્ત્ર સ્વાધ્યાય, દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા ને અંદર શુદ્ધાત્મા કેમ ઓળખાય બસ! ઘણીવાર હું તો એક જ કહું છું અને ઈ એક કરવાનું છે. આવો સંસાર. એક આત્મા ઓળખે. બસ! એમાં બધું આવી જાય છે. ઈ એની ઓળખવાની ભાવનામાં બધા કાર્યો. દેવ-ગુરુ-શાસ્ત્રના સાનિધ્યમાં રહીને એની આરાધના અને આત્માની આરાધના. બસ ઈ જ કરવાનું છે. લૌકિકના જીવન જુઓ તો કેવા જાય છે? આ જીવન આ જીવન જે આત્મા માટે ગાળ્યું એ જ જીવન છે. બાકીના જીવના બધા સંસારના બધા જીવન નકામા છે. લૌકિક જીવન—આ આખો દિ' ખાવું ને પીવું ને આ ને તે ને વ્યવહાર રાખો ને આ રાખો ને તે રાખો ને એ બધા જીવન એ જીવન નથી. મનુષ્ય જીવન, આ મનુષ્ય જીવનમાં આવીને જ્ઞાયકનું ધ્યેય અને દેવ-ગુરુ-શાસ્ત્રનાં સાનિધ્યમાં રહેવાનું એ બધું એમાં જીવન જાય, એ જ જીવન. બાકી તો બધાય જીવન સાવ નિષ્ફળ જીવન, તો પણ જીવનમાં રહેવાનું એ સૂકા જીવન છે. તુચ્છ જીવન છે એ જીવન આદરવા યોગ્ય નથી. એક શુદ્ધાત્મા આદરવા યોગ્ય છે. નકામા જીવન છે એ બધા જે જીવનમાં કાંઈ કર્યું નહીં શુદ્ધાત્માનું. જે ધ્યેય રાખ્યું નહીં, આરાધના કરી નહીં, દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા કરી નહીં એ જીવન નકામું છે. ઓલું આવે છે ને કે આ ગૃહસ્થાશ્રમ શું કામનો? કે જે ગૃહસ્થાશ્રમમાં ગુરુના પગલાં નથી. જેમાં ગુરુના આહારદાન નથી. જેમાં જિનેન્દ્રદેવના દર્શન નથી, જેમાં શાસ્ત્રના સ્વાધ્યાય નથી, એ ગૃહસ્થાશ્રમમાં હાથે દઈને પાણીમાં બોળી દેજે. ઈ તો ગૃહસ્થોને એમ કહે. ઈ તો ગૃહસ્થાશ્રમ છે. ઈ તો આદરણીય છે જ નહીં. પણ આ આત્મા આદરણીય છે. દેવ-ગુરુ-શાસ્ત્રનું સાનિધ્ય એ આદરણીય છે. જ્યાં થાય શુદ્ધાત્માના ધ્યેયપૂર્વક અંદર મુખ્ય તો આત્મા આરાધવા યોગ્ય છે. એની સાથે દેવ-ગુરુ-શાસ્ત્ર આરાધવા યોગ્ય છે. ૧

**✽ પ્રશ્ન : પૂજ્ય માતાજી, આગમમાં કહેલ છે કે સમ્યક્ત્વના લક્ષણ તરીકે સાત તત્ત્વોના યથાર્થ શ્રદ્ધાનનું મહત્ત્વ આપ્યું છે, તો તેમાં આટલું બધું શું રહસ્ય છે તે કૃપા કરીને સમજાવશો કે જેથી અમને સમ્યક્ત્વની મહિમા જાગૃત થાય.**

● ઉત્તર : સાત તત્ત્વની શ્રદ્ધા આચાર્યદેવે—એમાં જીવ પદાર્થને મુખ્ય કહ્યો છે પણ એ સમજી શકે એવો એક આત્મપદાર્થ એટલે પણ એ વ્યવહાર પણ સાથે, વ્યવહારમાં સાત તત્ત્વોનું શ્રદ્ધાન એમાં મુખ્ય તો આત્મા તરફની દ્રવ્યદૃષ્ટિ કરવી, એમ આચાર્યદેવને કહેવું છે. ભૂતાર્થદૃષ્ટિને ગ્રહણ કર. પણ એવી સાત તત્ત્વની શ્રદ્ધા વચ્ચે હોય છે. આચાર્યદેવ વ્યવહારથી વાત કરે તો પણ અંદર આત્માને ગ્રહણ કરાવે એવો આશય હોય છે. એક આત્માને ગ્રહણ કર. ભૂતાર્થ તત્ત્વ એક છતો આત્મીય પદાર્થ છે એને જ ગ્રહણ કર. એની વચ્ચે આ બધા સાત તત્ત્વો—જીવ તત્ત્વ, અજીવ તત્ત્વ, આસ્રવ, સંવર, બંધ, મોક્ષ બધું જ થઈ જાય છે.

પુણ્ય, પાપ બધું તો સાધકદશા પ્રગટ કરવી છે તો એ વચ્ચે વિઘ્ન છે. વિઘ્ન નથી? એ સંવર થાય, એમાંથી નિર્જરા થાય. વિશેષ શુદ્ધિ થાય તો નિર્જરા થાય અમુક (અંશે) શુદ્ધિ થાય તો તે સંવર થાય, તે પૂર્ણ શુદ્ધ થાય તો. મોક્ષ થાય. આખી સાધકદશા અને જ સાધ્ય. એ જ આચાર્યદેવ બતાવી રહ્યા છે. ભૂતાર્થદૃષ્ટિથી ભૂતાર્થનયને મુખ્ય કર. એક મુખ્ય ચૈતન્ય દ્રવ્ય મુખ્ય કરીને એમાં જે આ પર્યાયો થાય છે એ એમાં આવી જાય છે. આચાર્યદેવ આપણને મુક્તિનો માર્ગ બતાવી રહ્યા છે. આચાર્યદેવ વ્યવહારથી આમ કહીને સમજાવે છે એક જીવ તત્ત્વને ગ્રહણ કરવાનું અને એ જે છે તેમ છે. જે છે એમ વ્યવહાર એટલે વ્યવહાર તદ્દન નથી એમ નહીં. આચાર્યના એક એક શબ્દ હોય છે એ તત્ત્વ ગ્રહણ કરવાનું કહે છે. યથાર્થ યુક્તિ માર્ગ ગ્રહણ કરવાનું કહે છે. આચાર્યદેવ જે કહે છે એ વ્યવહાર તદ્દન ખોટો છે એમ નથી હોતી. આચાર્યદેવે જે સત્ય

કહ્યું હોય તે સત્ય જ હોય છે માત્ર નિશ્ચયનયની અપેક્ષાએ છે કે વ્યવહારનયની અપેક્ષાએ છે. એ આત્મા જ પહેલાં સમજવાની જરૂર છે. આખો મુક્તિનો માર્ગ સમજાવ્યો છે આચાર્યદેવે. મુખ્ય આત્મા છે એને ગ્રહણ કર. જીવ તત્ત્વને ગ્રહણ કર પછી એમાં બધી પર્યાયો હોય છે એનું જ્ઞાન કર. મુખ્ય એક આત્માને ગ્રહણ કર યથાર્થ મૂળભૂત તો યથાર્થ તારી સાધના થાશે. માટે યથાર્થ જ્ઞાન કર અને દૃષ્ટિ એ મુખ્ય જીવ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કર એમ કહેવાનો આશય છે આચાર્યદેવનો. એક શુદ્ધ જાણવા ખાતર જાણી લેવું એમ નહીં એની શ્રદ્ધા કરીને જાણ એમ કહે છે. જીવ છે, અજીવ છે, આસ્રવ, સંવર, પાપ બધું છે. એમ શ્રદ્ધા કર. શ્રદ્ધા કર એટલે એમ નહીં. શ્રદ્ધામાં એક આત્મતત્ત્વને ગ્રહણ કર. પર્યાયો છે એનું જ્ઞાન કર એનાથી સાધના થાય છે એમ આચાર્યદેવનો કહેવાનો આશય એ છે, દેહમાં કહીને અંદરથી નિશ્ચય આત્માને બતાવવો છે. આચાર્યદેવના કથનો બધા રહસ્યવાળા હોય છે અને એક સમ્યક્‌દર્શન પ્રગટ કરતા આખો મુક્તિનો માર્ગ આવી જાય છે. સમ્યક્‌દર્શન ગ્રહણ કર્યું તે અનાદિથી પ્રગટ નથી કર્યું, સ્વાનુભૂતિ પ્રગટ થઈ એમાં આખો મુક્તિનો માર્ગ પ્રગટ થઈ ગયો એમાં એનો એ માર્ગ આખો એને સ્પષ્ટ થયો. એટલે સાત તત્ત્વની શ્રદ્ધામાં એ જ ભૂતાર્થદૃષ્ટિથી તું જાણ બધું એમ કહેવું છે આચાર્યદેવને. વ્યવહારદૃષ્ટિથી વાત કરે એટલે એમાં ઊંડી વાત હોય છે આચાર્યદેવની. જે સમજતો નથી એટલે એને વ્યવહારથી વાત કરે. એ સમજાવવાની ખૂબી હોય છે આચાર્યદેવની. મંદિર જાય છે તો ભગવાના દર્શન કરવાના હોય છે. કોઈ કહે ભગવાનના દર્શન કરવા છે એમાં કોઈ કહે કે મંદિર જાવું છે.

એ મંદિર જવાનો હેતુ તો ભગવાનના દર્શન કરવાનો છે. એ મંદિર જાવા પૂરતું મંદિર જાવાનું નથી. એથી ભગવાનના દર્શન હોય છે. કોઈ સીધો આત્માર્થી હોય અને વ્યવહારથી વાત કરે. કહેવાનું તાત્પર્ય એ છે એક ભગવાનના દર્શન કરવા છે મંદિર જઈને એમ

જ્ઞાન-દર્શન-ઉત્તમ ચારિત્રની વાત કરે તો એક આત્મા—એ ત્રણેમાં એક આત્મા ગ્રહણ કરવો. આત્મા એક સાધ્ય તરીકે રાખીને સાધકદશામાં આ જ્ઞાન-દર્શન-ચારિત્ર બધું આવે છે. ૨

✻ પ્રશ્ન : મંદિર દર્શન કરવા કીધું એટલે મંદિર જાય એમ કહે એટલે?

● ઉત્તર : મંદિરે જાય એટલે નહીં. ભગવાનના દર્શન કરવા જવાનું છે એમ કીધું છે. ૩

✻ પ્રશ્ન : સમજી પણ જાય મંદિર જવાનું કીધું છે એટલે....

● ઉત્તર : ભગવાનના દર્શન કરવા જવાનું કીધું છે. ૪

✻ પ્રશ્ન : સાત તત્ત્વનું જ્ઞાન અને શ્રદ્ધાન કર એ આત્માનું જ્ઞાન ને શ્રદ્ધાન કરાવવા માટે છે?

● ઉત્તર : હાં. એટલા માટે, એક આત્માનું જ્ઞાન કરાવવા માટે સાત તત્ત્વની શ્રદ્ધા કહી છે. ૫

✻ પ્રશ્ન : સમ્યગ્દર્શન પ્રગટ હુઆ તો શ્રદ્ધા ગુણ નિર્મલ હુઆ, બાકી ગુણોંમેં અશુદ્ધતા હૈ?

● ઉત્તર : 'સર્વ ગુણાંશ તે સમ્યગ્દર્શન'. શ્રદ્ધા ગુણ પ્રગટ હુઆ, તો ઉસમેં સમ્યક્દર્શન હુઆ. ઉસકે સાથમેં જ્ઞાન, ચારિત્ર સબ પ્રગટ હુઆ, જ્ઞાન સમ્યક્રૂપ પરિણમન હુઆ. ચારિત્ર જે અમુક અંશે ચારિત્ર– સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ હુઆ. જો દિશા પર તરફ થી, યે પરસન્મુખ થા, દૃષ્ટિ પરસન્મુખ થી, વહ સ્વસન્મુખ આવી. ત્યાં દરેક ગુણ જે યથાયોગ્ય નિર્મળ થવા યોગ્ય હતા તે સબ નિર્મળ હો ગયા. એ એક બાજુ તદ્દન અશુદ્ધતા ને એક બાજુ શુદ્ધતા, ઐસા દ્રવ્યમેં ખંડ નહીં પડતા. દ્રવ્ય તો અખંડ હૈ. ઈસલિયે એક સમ્યક્દર્શન ગુણ પ્રગટ હુઆ ઈસકે સાથ સબકી દિશા પલટ ગઈ તો સબ નિર્મળ હો ગયા. જો અશુદ્ધ થા, સબ નિર્મળ હો ગયા. કિતના ગુણ હોય એ મલિન હોતા હી નહીં હૈ. જો મલિન હોતા હૈ, સબ અંશોઅંશ નિર્મળ હુઆ. પૂર્ણ નિર્મળ તો કેવળજ્ઞાન હોગા તબ હોગા. ૬

* પ્રશ્ન : માતાજી! બધા ગુણો નિર્મળ થયા સમ્યક્દર્શન થતાં જેમ બીજા બધા ગુણો અશુદ્ધ અને અમુક જ ગુણો શુદ્ધ હતા તો જ્યારે મિથ્યાદર્શન હતું ત્યારે બધા ગુણોનું અશુદ્ધ પરિણમન છે એમ કહી શકાય ખરું?

● ઉત્તર : બધા ગુણો અશુદ્ધ નથી પરિણમતા. અમુક ગુણો શુદ્ધરૂપે રહે છે. પણ ઈ બધું શક્તિમાં છે. જેમકે અસ્તિત્વ, વસ્તુત્વ, એવા કેટલાક ગુણ જે ભાષામાં ન આવે એવા છે એવા બધા ગુણ કાંઈ અશુદ્ધ થઈ જતા નથી. મિથ્યાત્વ—એમાં દૃષ્ટિમાં એકત્વબુદ્ધિ છે તો પણ આ બધા કેટલાક ગુણ અશુદ્ધ થતા નથી અને ચારિત્ર, બાકી એ સિવાયના કેટલાક ગુણ વિભાવવાળા થાય છે, બાકી કેટલાક ગુણ નિર્મળ રહે છે. એમ કહેવાય કે પોતે અશુદ્ધ થઈ ગયો. દ્રવ્ય અશુદ્ધ થઈ ગયું એમ કહેવાય. બધુ જ અશુદ્ધ થઈ જતું નથી. શક્તિમાં શુદ્ધ છે. કેટલાક ગુણો શુદ્ધ રહે છે. દૃષ્ટિ સ્વરૂપ તરફ ગઈ. સમ્યક્દર્શનમાં નિર્મળતા આવી, સ્વાનુભૂતિરૂપે જે અંશો મલિન હતા એ કેટલાક નિર્મળ થઈ જાય છે. એક પગ ચાલે તો એક પગ આમ રહે ને એક પગ આમ રહે એમ ન બને. દિશા બદલી ગઈ એટલે બધું જ સ્વરૂપસન્મુખ થઈ જાય છે. ૭

* પ્રશ્ન : શ્રદ્ધા–ગઈ કાલે પ્રવચનમાં આવ્યું કે શ્રદ્ધા આંધળી છે. શ્રદ્ધા કાંઈ જાણતી નથી તો જે શ્રદ્ધા થાય છે, એ જ્ઞાનની પ્રેરણાથી શ્રદ્ધા થાય છે કે કેવી રીતે?

● ઉત્તર : જ્ઞાનથી વિચાર કરીને નક્કી કરે છે. નિશ્ચય કરે છે બરાબર કે 'હું આ જ્ઞાયક છું'. નિશ્ચય કરે છે જ્ઞાન—એનું સાધન બને છે. જ્ઞાનથી જણાય છે. પહેલાં શરૂઆતમાં જ્ઞાનથી જ જણાય છે. જ્ઞાનથી નિશ્ચય થાય છે. જ્ઞાનથી નિશ્ચય કરીને દૃષ્ટિ જ્ઞાયક ઉપર સ્થિર કરે છે. દૃષ્ટિનો વિષય જ્ઞાયક છે. જ્ઞાન દ્વારા વસ્તુ જણાય છે. જ્ઞાન પોતાને જાણે છે, જ્ઞાન દર્શનને જાણે છે, જ્ઞાન અનંતગુણોને જાણે જ્ઞાન પર્યાયને—જ્ઞાન-સ્વદ્રવ્યને જાણે, બધાને જ્ઞાન જાણે. ૮

✻ પ્રશ્ન : દૃષ્ટિનો વિષય અને શ્રદ્ધાનો વિષય બેય એક જ?

● ઉત્તર : બેય એક જ છે. શ્રદ્ધાનો વિષય ને દૃષ્ટિનો વિષય એક જ છે. શ્રદ્ધા મજબૂત થાય તો એની સાધકદશા ચાલુ થાય છે. નિશ્ચય બરાબર નથી હોતો તો આગળ જઈ શકાતું નથી. અંદર એટલી લગની લાગી હોય તો, અંદર માર્ગ થયા વગર રહેતો જ નથી. જ્ઞાનમાં નક્કી કરે પણ અંદરમાં આ રાગ ને શુદ્ધાત્મા જુદો. અંદર જો એટલી લગની લાગી હોય તો માર્ગ થયા વગર રહેતો નથી. દૃષ્ટિનો વિષય કાંઈ એવો દુર્લભ નથી કે ન જ થાય. ન સમજાય એવો એ નથી અને પ્રગટ ન થાય એવો પણ નથી. પોતાનો સ્વભાવ છે. પણ પોતાને અંદર એટલી લગની લાગી હોય તો સમજમાં આવે. થોડું સમજે પણ અંદર પોતાને સમજે તો થઈ શકે એવું છે. શિવભૂતિ મુનિ કાંઈ જાણતા નહોતા. ભૂલી જાતા'તા, યાદ પણ નહોતું રહેતું. ગુરુએ શું કીધું એ પણ ભૂલી ગયા હતા તોપણ ગુરુનો આશય યાદ રાખીને ઓલી બાઈ ધોતી'તી દાળ, ફોતરા ને દાળ જુદું, એમ મારા ગુરુએ કીધું છે. એમ કરીને અંતરમાં ઉતરી ગયા. આત્મા જુદો અને આ રાગ જુદો છે એમ અંતરમાં ભેદજ્ઞાન કરીને, અંતરમાં ઉતરી ગયા. એટલે એમ થોડું મૂળ પ્રયોજન સમજી અને અંદર જો પરિણતિરૂપે પ્રગટ કરે તો વસ્તુ કાંઈ દુર્લભ નથી. પણ પોતાને અંતરમાં એટલી લગની લાગી જ નથી. શુદ્ધનયનો વિષય તો પોતે પોતાને, એક ચૈતન્યનું અસ્તિત્વ ગ્રહણ કરે એમાં બધું આવી જાય છે. પણ એને જ્ઞાનથી પહેલા નક્કી કરે છે કે નિશ્ચય કરીને દૃષ્ટિમાં જોર દૃષ્ટિનું આવે છે. દૃષ્ટિ એક ઉપર સ્થાપી દેવી કે ચારે બાજુ દૃષ્ટિ જાતી નથી, દૃષ્ટિને એક પોતા ઉપર, ચૈતન્ય ઉપર સ્થાપે, જ્ઞાન પણ ચૈતન્ય ઉપર જાય છે ને દૃષ્ટિ પણ જાય છે પણ જ્ઞાન બધું જ જાણે છે. રાગ ને શુદ્ધાત્મા બેયના સ્વભાવ પ્રગટ જુદા જુદા છે. રાગ આકુળતારૂપ છે. ગમે એવો ઉંચામાં ઉંચો રાગ હોય તો એ આકુળતા. અંદર વિચાર કરે તો તે આકુળતારૂપ છે. ઈ કાંઈ

શાંતિરૂપ નથી. આત્મામાં શાંતિ ઉપજાવતું નથી. રાગ તો વિભાવ છે. અશુભ ને શુભ બેય રાગ છે એ આકુળતારૂપ છે અને એનાથી જુદું જે જ્ઞાન છે, જાણવારૂપ જ્ઞાન છે—જ્ઞાયક તે શાંતિરૂપ છે. એમાં આકુળતા નથી. એ જ્ઞાન તે, 'જાણનારો તે હું છું, આ રાગ અને આકુળ સ્વરૂપ, આકુળતારૂપ ને દુઃખરૂપ જે પરિણતિ તે મારું સ્વરૂપ નથી, હું એનાથી જુદો છું, જે જાણનારો તે હું છું, પણ એ જાણનારો બીજાને જાણું એટલે જ્ઞાયક એમ નહીં. હું તો સ્વયં જાણનારો જ્ઞાયક હું છું'. ધ્યેય તો એક જ્ઞાયકનું જ હોવું જોઈએ. જ્ઞાયક કેમ ઓળખાય? એક જ્ઞાયકનું ધ્યેય હોવું જોઈએ. એ આત્મા મુખ્ય હોવો જોઈએ દરેક વિચારમાં. દરેક વિચારમાં આત્મા કેમ ઓળખાય, એ જ હોવું જોઈએ. વિચારો તો સમજવા માટે બધા આવે—દ્રવ્ય-ગુણ-પર્યાય બધું અંદર આવે અનેક જાતનું વિચારવાનું પણ જ્ઞાયક તો મુખ્ય હોવો જોઈએ. આત્મા કેમ ઓળખાય? આત્માનું શું સ્વરૂપ છે? આત્મા જુદો કેમ પડે? ભેદજ્ઞાન કેમ થાય? એ વિચારે. ધ્યેય તો એક જ હોવું જોઈએ. આત્માથી બધું હોવું જોઈએ. વિચાર માત્ર જાણવા ખાતર જાણી લેવું એમ નહીં પણ આત્માને લાભ થાય એમ એવી જાતનો વિચારો હોય. આત્માની પ્રતીતિ કેમ થાય? 'હું જ્ઞાયક છું હું આ પરદ્રવ્ય નથી, આ મારું સ્વરૂપ નથી' એ નક્કી કરવા માટે અનેક જાતના વિચારો આવે. જ્ઞાનને લગતા અનેક જાતના વિચારો આવે. છૂટું કેમ પડવું, એમ અનેક જાતના. દરેક—દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ, કરણાનુયોગ—બધી જાતના વિચારો આવે. ધર્મકથા અને બધી જાતના વિચારો આવે. વિચારોમાં તો બધું આવે. પણ નક્કી એક આત્મા કરવાનો હોય છે. આત્મા કેમ ઓળખાય? બધું જાણે પણ જો એક આત્મા ન જાણે તો એ બધું જાણેલું શું કામનું છે? પણ એક આત્મા જાણે પ્રયોજનભૂત, તો એમાં બધું આવી જાય છે. બધા જાણવાની સાથે આત્મા મુખ્ય હોય તો એમાં બધું એ પ્રયોજનભૂત—સારરૂપ છે. જેણે આત્મા જાણ્યો એણે બધું જાણ્યું.

જેણે બધું જાણ્યું, પણ જો આત્મા ન જાણ્યો તો એ કાંઈ નથી જાણ્યું એણે. પોતા ઉપર દૃષ્ટિ મૂકે અને બહુ આકુળ-વ્યાકુળતામાં રોકાય નહીં. પોતે તત્ત્વના વિચાર બાહ્યના જાણવા ઉપર—એની ઉપર એમ બહારની જાણવાની આકુળતા કરે નહીં એમ. પણ અંદરથી જે જણાય છે તે જાણવાનું કાંઈ કાઢી નાખવાનું નથી. 'હું જાણી લઉં ને આટલું આમ કરું અને તેમ કરું' એ જાણવાની આકુળતા ન કરે પણ જાણવાનો મોહ છે એ કાંઈ વહ્યો થોડો જાય છે? એક આત્માને જાણવો તે જ પ્રયોજનભૂત છે. બહારનું જાણવાની આકુળતા એ તો ભાસ છે. પણ પોતાને જાણે એમાં બીજું સહેજે જણાય છે. એમ એની આકુળતા ન હોય પણ કાંઈ બહારનું જાણવાનું છોડવાની વાત ક્યાં છે? એ તો સહેજે જણાઈ જાય છે. એની આકુળતા ન કરે, એક આત્માને જાણે એ બધું જાણે. એ બહારનું એને જાણવાની આકુળતા ન હોય કે હું મારો આત્મા જાણી લઉં, દ્રવ્ય-ગુણ-પર્યાય આત્માના. પછી ઝાઝું (વધારે) ન જણાય તો એની આકુળતા ન હોય. ક્ષયોપશમ જ્ઞાનમાં અમુક જણાય, અમુક ન જણાય એની આકુળતા ન હોય બહારનું જાણવાની પણ ઝાઝું જણાતું નથી. કેમ આગળ વધાય? જાણવા સાથે એનો કાંઈ સંબંધ નથી. પોતાને જાણે એટલે બધું એમાં આવી જાય છે. પણ પછી એમાં આત્માનું જાણું, જ્ઞેયને હું જાણતો જ નથી એવું એનો અર્થ નથી, પોતાને જાણે, એમાં બધું આવી જાય છે. આકુળતા ન કરે. જ્ઞેય જે જણાતું હોય, તત્ત્વજ્ઞાન, શાસ્ત્રનો અભ્યાસ હોય તે જાણે. આકુળતા કરવા જાય—તો ઈ એમ નથી પોતે પોતાને જાણે એમાં બધું આવી જાય છે. ૯.

* ભક્તિ : દૃષ્ટિ તારી એક ફરતાં, બધે તને સુખ દેખાશે.
જે જેનું છે તે તેનું જ રહેશે, પણ ફરવાનું તારું ટળી જશે.

* **પ્રશ્ન : શુભનો વિકાસ થયો તો કેવી રીતે? તો શુભનો વિકાસ કરવો છે?**

● ઉત્તર : શુભમાંથી મને ધર્મ થશે. શુભમાંથી મને કાંઈક

લાભ થશે, એવી જે માન્યતા છે તે એકવાર છોડી દે. શુભથી ધર્મ થાતો નથી. શુભ વચ્ચે આવે છે પણ શુદ્ધાત્મા જે આત્મા—એનાથી ધર્મ થાય છે. ધર્મ પોતાના સ્વભાવમાં રહેલો છે. વિભાવમાં ધર્મ રહેતો નથી. ધર્મ સ્વભાવમાંથી—જે વસ્તુ છે, એમાંથી ધર્મ પ્રગટે છે. શુભમાંથી ધર્મ પ્રગટતો નથી એમ વિશ્વાસ કરે. શુભ વચ્ચે આવે છે. શુભભાવ, એ અંતર આત્માને રુચિ જ્યાં પ્રગટ થાય એને દેવ-ગુરુ-શાસ્ત્રના ભક્તિ, મહિમા આવે છે. જિનેન્દ્રદેવ ઉપર ભક્તિ, ગુરુ પર ભક્તિ, ગુરુદેવે આવો માર્ગ બતાવ્યો. ગુરુદેવ ઉપર ભક્તિ, શાસ્ત્ર પર ભક્તિ આવે છે. શુભભાવના આવે છે. પણ મારો સ્વભાવ શુદ્ધાત્મા. ઈ શુદ્ધાત્માનો સ્વભાવ અને આ શુભભાવના એ બે જુદી વસ્તુ છે એમ. એને શ્રદ્ધા અને રુચિ હોવી જોઈએ. એનો વિશ્વાસ. એમાં સર્વસ્વતા માનતો નથી. પણ એ વચ્ચે આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, મહિમા એ વચ્ચે આવ્યા વગર રહેતું નથી. સમ્યક્‌દર્શન થાય તો પણ દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા ને ભક્તિ હોય છે અને રુચિવાળાને પણ દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા હોય છે. મુનિરાજ હોય છે, છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા હોય છે. અંતર્મુહૂર્તમાં સ્વાનુભૂતિ ને અંતર્મુહૂર્તમાં બહાર—એવી દશા હોય છે તો એને શુભભાવના હજી અધૂરાશ છે તો દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા મુનિરાજને પણ હોય છે. પણ એની ઉપર એ વિશ્વાસ કરતા નથી કે આમાં ધર્મ થાય. ધર્મ મારા સ્વભાવમાં—સ્વાનુભૂતિમાં ધર્મ રહેલો છે. સ્વભાવમાં ધર્મ રહેલો છે. પણ શુભભાવ તો દેવ-ગુરુ-શાસ્ત્ર પર એની સાથે જ રહે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભાવના એને સાથે રહે છે. પણ પુરુષાર્થ પોતાથી કરે છે. મુનિરાજ કહે છે, 'હું આત્મામાં જાઉં છું, હું દીક્ષા લઉં છું, એમાં બધા પધારજો. પરમેષ્ઠી ભગવંતો હું તમને બધાને આમંત્રણ દઉં છું. હું પુરુષાર્થ કરું, એમાં મારી સાથે રહેજો' એવી શુભ ભાવના આવે છે. પણ વીતરાગદશાની પરિણતિથી મને ધર્મ થાય છે—માન્યતા એવી છે પણ ભાવના આવે

છે એમની લીનતા, એમની શ્રદ્ધા, એમની પરિણતિ તો વિશેષ છે મુનિરાજની. સમ્યક્‌દર્શન છે, એને સ્વાનુભૂતિની દશા—ક્ષણે ક્ષણે અંતર્મુહૂર્તમાં લીન થાય છે, અને અંતર્મુહૂર્તમાં બહાર આવે છે. પણ શુભભાવના એવી હોય છે. ૧૦.

*** પ્રશ્ન : અનાદિના મિથ્યાદૃષ્ટિ છે એને રાગનો જ સ્વભાવ વર્તે છે. જ્ઞાયકનું જ્ઞાન વર્તતું નથી તો એને કેમ કરવું?**

● ઉત્તર : પ્રયત્ન કરીને જાણવું જોઈએ. રાગનું જ્ઞાન એનાથી છૂટ્ટો પડીને પોતે પુરુષાર્થ કરે, પોતે જ સ્વસન્મુખ પોતાની દિશા વાળવી જોઈએ. અનાદિનો જે અભ્યાસ છે એમાં ચાલ્યો જાય છે. અંતરમાં જોતો નથી એટલે એકલું રાગનું જ્ઞાન વર્તે છે. સ્વ તરફ પોતે ઉપયોગ કરીને સ્વ તરફ વળવું જોઈએ તો જણાય. દિશા ફેરવવી જોઈએ. પલટો કરવો જોઈએ તો જણાય. દિશા ફેરવતો નથી. એકને એક દિશામાં ચાલ્યો જાય છે તેનો પલટો કરવો જોઈએ. એક દિશામાંથી ચાલેલો માણસ એક ઊંધી દિશામાં ચાલ્યો જાય છે. પલટો તો કરે તો પોતે સ્વ બીજી દિશામાં વળી શકે છે. ગુરુદેવે તો ઘણું બતાવ્યું. કઈ દિશા? કઈ તરફ વળવું એ બતાવ્યું. પણ વળવું પોતાના હાથની વાત છે. ૧૧.

*** પ્રશ્ન : શ્રદ્ધા થવી એ જૈન દર્શનની પરાકાષ્ઠા છે તો પણ આચાર્ય ભગવાને જ્યાં સુધી ભેદવિજ્ઞાન ન થાય ત્યાં સુધી આત્માને રાગાદિભાવોનું કર્તાપણું માનવું. એમ ફરમાવ્યું છે તો દૃષ્ટિ અને જ્ઞાન એ બંનેનો વિષય ભિન્ન–ભિન્ન થાય તો અમારે કઈ રીતે શ્રદ્ધા કરવી?**

● ઉત્તર : દૃષ્ટિ ને જ્ઞાનનો વિષય ભિન્ન-ભિન્ન નથી. આત્મા અકર્તા. પરનો અકર્તા છે, સ્વભાવનો કર્તા છે પર-રાગાદિનો અકર્તા ઈ. જ્યારે એને દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થાય ત્યારે ઈ રાગાદિનો અકર્તા છે, પણ અસ્થિરતા રહે છે તે એને જાણવા યોગ્ય છે. એ કર્તા, એને સ્વામીત્વબુદ્ધિ નથી, એ કર્તા નથી પરદ્રવ્યનો કર્તા નથી. પણ એ અજ્ઞાન અવસ્થાએ ઈ કર્તાબુદ્ધિ એણે માની છે. વાસ્તવિક રીતે ઈ

પરપદાર્થનો કર્તા નથી. રાગાદિનો કર્તા ઈ દ્રવ્યદષ્ટિએ નથી, પણ ઈ રાગાદિનો કર્તા અજ્ઞાન અવસ્થાએ છે. માટે દષ્ટિ અપેક્ષાએ એ કર્તા નથી. પણ જ્ઞાનમાં જાણવું. જ્ઞાન બેયનો વિષય કરે છે. જ્ઞાન દ્રવ્યને પણ જાણે છે અને જ્ઞાન પર્યાયને પણ જાણે છે. બેયનો વિષય જ્ઞાન કરે છે જ્ઞાન બેય નયોને જાણે છે. બેય પડખાને જાણે છે. ૧૨.

*** પ્રશ્ન : તો દષ્ટિ આત્મા ઉપર હોય એના ખ્યાલમાં હોય છે. મિથ્યાત્વના આ સૂક્ષ્મ શલ્યો ક્યા? એમને પહેલા કાઢે? સૂક્ષ્મ શલ્યો જે સાધારણ રીતે કોઈ ખ્યાલમાં પણ ન આવે અજ્ઞાનીને વાંચન કરતાં પણ ખ્યાલમાં ન આવે, શ્રવણ કરતાં પણ ઈ વાત ખ્યાલમાં ન આવે, એવા સૂક્ષ્મ શલ્યો ક્યા? એ જાણવા, મોટા શલ્ય તરીકે આપે એ કહ્યું છે. બહાર પડવાના ભાવ, માન કષાય ઈ બધું તો ખ્યાલમાં આવી જાય છે.**

● ઉત્તર : શલ્યો અનેક પ્રકારના હોય છે. ક્યાંક ક્યાંક અટકતું હોય છે. અનેક કષાયોના—અનેક અનંતાનુબંધી કષાયોના, ક્રોધના, માનના, માયાના, લોભના—અનેક જાતના કષાયમાં અટકતું હોય છે. પણ પ્રયોજન એક આત્માર્થીનું આત્માનું પ્રયોજન. દરેક કાર્યમાં આત્માનું પ્રયોજન રાખે તો એમાં શલ્યથી છૂટી જાય છે. દરેક કાર્યની અંદર મને આત્માનું જ પોષણ થાય, મને આત્મા કેમ મળે? ઈ એનો ધ્યેય હોય. તેમાંથી દરેક શલ્ય નીકળી જાય. કંઈ તત્ત્વની ભૂલ થાતી હોય, કંઈ અનેક જાતના, દેવ-ગુરુ-શાસ્ત્રની સમજ— એમાં શું કહેતા હોય એની સમજણમાં ભૂલ થાતી હોય, અનેક જાતના શલ્યો હોય છે. લૌકિક પ્રયોજનો, લૌકિક રસ કાંઈક રહી જતો હોય, અનેક જાતનો રસ હોય છે. શુભભાવોમાં કંઈ અંદર ઉંડે રુચિ રહેતી હોય, અનેક જાતનું હોય, પણ પ્રયોજન એક આત્માનું રાખે તો દરેક શલ્યો એને જુદા જુદા છોડવા પડતા નથી. એક આત્માર્થનું પ્રયોજન હોય છે. તો, દરેક શલ્યો એમાં નીકળી જાય છે. અમુક કષાય હોય પણ આત્માર્થીને એ મંદ કષાય હોય છે

પણ એને પ્રયોજન એક આત્માનું હોય છે. ૧૩.

✻ પ્રશ્ન : પ્રયોજન સાચું હોય તો આ બધી....

● ઉત્તર : આ બધું નીકળી જાય છે. પ્રયોજન (શ્રોતા : ગોતવું નથી પડતું) એ એને ગોતવું નથી પડતું. ક્યાં ક્યાં રોકાઉં છું? એ પ્રયોજન જ એક આત્માનું. મારું પ્રયોજન શું છે દરેક કાર્યમાં? એ પોતે ગોતી લે. આત્માર્થનું પ્રયોજન. માત્ર મોક્ષ અભિલાષ. માત્ર મોક્ષની અભિલાષા. મારો આત્મા કેમ પ્રગટ થાય? ૧૪.

✻ પ્રશ્ન : અંતરસે હોના ચાહિયે, અંતરસે હોના ચાહિયે, તો ... (શ્રોતા : શબ્દોંસે) નહીં શબ્દોંસે નહીં, ભીતરસે... ભાવોંસે અંદર આ જાવે તો કામ હો જાતા હૈ વો કામ બને, ભાવોંમેં (શ્રોતા : આત્મામેં યે સંસ્કાર આવે બડા કઠિનસા લગતા હૈ, પ્રતીતિ નહીં. વિશ્વાસ નહીં. આત્મામેં શ્રદ્ધાસે જરૂર ભાસન હોતા હૈ?

● ઉત્તર : ગુરુદેવ કહતે થે કિ તેરેસે ન હો સકે. પુરુષાર્થ, મંદ હોવે, ન હો સકે તો શ્રદ્ધા તો યથાર્થ કરના. એમ માર્ગ તો યહ હૈ, પ્રતીત તો ઐસી દૃઢ રખના કે 'શુભાશુભભાવસે ભિન્ન મૈં ચૈતન્યતત્ત્વ—જ્ઞાયક તત્ત્વ હૂં,' ઐસી શ્રદ્ધા તો યથાર્થ કરના. યે શ્રદ્ધા કરકે પછી પુરુષાર્થ ધીરે ધીરે હોવે તો, ધીરે ધીરે હોવે પણ પ્રતીતિ તો યથાર્થ કરના. ૧૫

✻ પ્રશ્ન : ચૈતન્ય મારો દેવ છે, તેને જ હું દેખું છું. બીજું કાંઈ મને દેખાતું જ નથી. એટલે શું? એનો અર્થ શું?

● ઉત્તર : ચૈતન્ય તરફ દૃષ્ટિ ગઈ, એ દૃષ્ટિ ત્યાં સ્થપાઈ ગઈ. પણ દૃષ્ટિ ચૈતન્યને જ દેખે છે. બીજો વિભાવ દેખાતો નથી. દૃષ્ટિ આગળ વિભાવ ગૌણ થઈ જાય છે. એ જ્ઞાન—એને જ્ઞાન છે બધું કે હજી અધૂરી અવસ્થા છે, હજી પૂર્ણ કેવળજ્ઞાન થયું નથી. હજી બાકી છે એ બધું જ્ઞાનમાં જાણે છે પણ દૃષ્ટિ ચૈતન્ય તરફ ગઈ નથી. ઈ દૃષ્ટિ ત્યાં સ્થપાઈ ગઈ કે હું મારા ચૈતન્યદેવને જ દેખું છું. બીજું બધું એની પાસે ગૌણ થઈ જાય છે. એકલું ચૈતન્ય અનંત મહિમાથી,

અનંત સ્વભાવથી ભરેલું એવું 'હું ચૈતન્ય, ઈ દિવ્યશક્તિથી ભરેલો એવો ચૈતન્યદેવ' એને જ હું દેખું છું. અંતરમાં જ્યાં જાઉં ત્યાં ચૈતન્યદેવ જ દેખાય છે. વિભાવ મને દેખાતો નથી. એની દૃષ્ટિની અપેક્ષાએ મારી નજર ત્યાં જ થંભી ગઈ છે. બહાર મારી દૃષ્ટિ ક્યાંય જતી જ નથી. જ્ઞાનનો ઉપયોગ જાય છે એ વાતને ગૌણ કરીને દૃષ્ટિ ચૈતન્યને જ દેખે છે. ૧૬.

**✻ પ્રશ્ન : પણ દૃષ્ટિ એટલે ખાલી શ્રદ્ધા એમ નહીં નજર પણ ત્યાં જ?**

● ઉત્તર : નજર ત્યાં થંભી ગઈ છે. શ્રદ્ધા માત્ર બુદ્ધિથી કરી લીધી એમ શ્રદ્ધા નહીં. ચૈતન્યનું અસ્તિત્વ ઓળખીને એના પર દૃષ્ટિ થંભી ગઈ છે. નજર ત્યાં થંભી ગઈ છે. ૧૭.

**✻ પ્રશ્ન : આત્મામાં સંતોષ થાય એની પ્રતીતિ કેવી રીતે જીવને હોય?**

● ઉત્તર : આત્મામાં સંતોષ થાય એ પ્રતીતિ—એ આત્મામાં જ બધું છે એવો પોતે વિચાર કરી નિર્ણય કરવો જોઈએ. એમાં જ એને મહિમા લાવવો જોઈએ કે આ વિભાવ છે. એની મહિમા છૂટી જાય ને સ્વભાવની મહિમા આવે કે જ્ઞાનમાં જ બધું છે. એને વિચારથી, એને યુક્તિથી. એણે નક્કી કરવું જોઈએ કે જ્ઞાનમાં જ બધું છે—એમ ગુરુદેવે બધું બતાવ્યું છે, શાસ્ત્રમાં આવે છે. પણ તું વિચારથી સ્વયં તારાથી નક્કી કર. સ્વયં નક્કી કર કે જે ગુરુદેવ બતાવે ને એને તારી બુદ્ધિથી, એને સ્વભાવ ઓળખીને નક્કી કર કે આ જે જ્ઞાન દેખાય છે એ જ્ઞાનમાં જ બધું છે. એમ વિચાર કરીને એના કારણ કાર્યોથી તું નક્કી કર કે જ્ઞાનમાં જ છે બધું, બીજે ક્યાંય નથી અને એ જ્ઞાનમાંથી જ પ્રગટ થવાનું છે. એની યથાર્થ પ્રતીતિ કરવી પોતાના હાથની વાત છે. બીજું વિચારથી કારણ કાર્ય યુક્તિથી. આ યુક્તિથી—એવી એની દલીલ હોય કે તૂટે નહીં એવી યથાર્થ દલીલથી, યુક્તિથી એની પ્રતીતિ કર બરાબર. એમાં દૃઢતા કર.

એમાં જ છે કારણ કે પહેલાં કાંઈ અનુભૂતિ થઈ જતી નથી. પહેલાં તો ઈ નક્કી કરે છે પોતે વિચારથી એને. અમુક સ્વભાવો એને જે લક્ષણો દેખાય, ઈ લક્ષણથી નક્કી કરે છે. ઈ નક્કી કરે એમાં જ છે ઈ બધું. જ્ઞાન લુખ્ખું નથી પણ એ જ્ઞાનમાં બધું છે. જ્ઞાન મહિમાવંત છે. સુખથી ભરેલો શિવ છે. સુખથી ભરેલો આત્મા છે. અનંત ગુણોથી ભરેલો કોઈ અપૂર્વ અનુપમ આત્મા છે. ઈ બહાર સાથે એને ક્યાંય મેળ નથી. ઈ પણ લક્ષણોથી પોતાને નક્કી કરવાનું રહે છે. ગુરુ બતાવે, શાસ્ત્ર બતાવે પણ નક્કી પોતે કરે તો જ પોતાને મહિમા આવે છે. પોતાને નક્કી કરવાનું છે. ૧૮.

✻ પ્રશ્ન : સ્વાનુભૂતિ થતાં પહેલાં ક્યા પ્રકારના વિકલ્પો–વિકલ્પોવાળી દશા હોય?

● ઉત્તર : સ્વાનુભૂતિ પહેલાં તો વિકલ્પવાળી દશા છે ને! (શ્રોતા : ક્યા કારણે?) એ તો સૌની યોગ્યતા પ્રમાણે દ્રવ્ય-ગુણ-પર્યાયોના વિચારો હોય. ૧૯.

✻ પ્રશ્ન : પણ પોતાની આત્માની જ મહત્તા હોય?

● ઉત્તર : આત્માની મહિમા હોય. દ્રવ્યના, ગુણના, પર્યાયના અનેક જાતના વિચારો આવે છે. શ્રુતજ્ઞાનના—સ્વભાવની મહિમા હોય, દ્રવ્યના, ગુણના, પર્યાયના—એ જાતના. સ્વભાવને ગ્રહણ કરે. ૨૦

પ્રશ્ન : એક આત્મા પ્રત્યે લક્ષ?

❀ ઉત્તર : આત્મા તરફ જ લક્ષ હોય. એ તો તદ્દન નજીક ગયો હોય એને માટે છે. ૨૧.

✻ પ્રશ્ન : નજીક એટલે શું?

● ઉત્તર : નજીક ગયો હોય તેને સ્વભાવ તરફ જ દૃષ્ટિ હોય. સ્વભાવને ગ્રહણ કરે ને તેની ધારા પ્રગટે, સ્વભાવને ગ્રહણ કરે. શ્રુતના વિચાર, દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચારો હોય, અમુક જ જાતના વિચારો હોય એવું નથી. આત્માને લગતા વિચારો હોય છે. ૨૨.

**✻ પ્રશ્ન : અમુક સામર્થ્યપણું લક્ષમાં હોય જ ને?**

● ઉત્તર : પોતાનું સામર્થ્ય તો લક્ષમાં હોવા વગર આગળ જવાય જ નહીં, પોતાનું સામર્થ્ય લક્ષમાં ન હોય તો આગળ જ ન જવાય. પોતાની અનંત સ્વરૂપની મહિમા ન હોય. એનું સામર્થ્ય લક્ષમાં ન હોય, એની પ્રતીતિ ન હોય તો આગળ જ ન જવાય. ૨૩.

**✻ પ્રશ્ન : એ પ્રતીતમાં છે પછી બીજું શું પ્રતીતમાં લેવાનું છે ત્યારે?**

● ઉત્તર : એ પ્રતીતની હજી એને વિચારથી પ્રતીત છે અંદર, પણ પરિણતિમાં, પ્રતીતિ આવે ત્યારે એ અધ્યવસાન કહેવાય. આ તો વિકલ્પવાળી પ્રતીત છે. ૨૪.

**✻ પ્રશ્ન : આત્માનું શ્રદ્ધાન કહેતા આત્માના સામર્થ્યની વાત કરી હોં? આત્માના સામર્થ્યની?**

● ઉત્તર : આત્માનું સામર્થ્ય કહેતા આત્મા કેવું તત્ત્વ છે એનું જ્ઞાન કરવાનું, એટલે એવું એ અનંત ગુણોથી ભરેલું છે એમ અનંતગુણો પર દૃષ્ટિ રાખવાની નથી. આત્મા કેવો છે? જ્ઞાયક તત્ત્વ એ ગ્રહણ કરવું. એનું કેવું અનંત સામર્થ્ય છે? એમાં ભેદો. બધેથી એ જ્ઞાનથી ગ્રહણ કરવાનું છે. આત્મામાં અનંત સામર્થ્ય એ જ્ઞાનથી ગ્રહણ કરવાનું છે. પછી દૃષ્ટિ એક આત્મા ઉપર સ્થાપવાની છે. શાસ્ત્ર વાંચ્યા કરે પણ કંઈ શાસ્ત્ર આપી દેતું નથી. શાસ્ત્ર સમજ ને આત્માને ઓળખ એમ એ કહેવાનો આશય છે. ગુરુદેવ કહે ભગવાનના દર્શન કરવા એમ આત્માને ગ્રહણ કરવાનો આશય હોય છે. ચારિત્ર ઉપર એમ દૃષ્ટિ નહીં સ્થાપતા જેમાં ભેદ નથી એવા એક જ્ઞાયક ઉપર દૃષ્ટિ સ્થાપી દે. ત્રણ ભેદ વચ્ચે સમજાવવા માટે, કહેવા માટે આવે. આવ્યા વગર રહેતા જ નથી.

વચ્ચે વ્યવહાર આવ્યા વગર રહેતો જ નથી, અનાદિથી જે વ્યવહાર—જે સાધકદશા પ્રગટ થાય એટલે વચ્ચે વ્યવહાર આવ્યા વગર રહેતો નથી. એટલે જે નથી સમજતા એને વ્યવહારથી

સમજાવવામાં આવે છે. ઈ જે આત્માર્થી હોય એ આશય ગ્રહણ કરી લે છે કે ગુરુદેવને એક આત્મા જ ગ્રહણ કરાવવાનો છે હેતુ પણ વચ્ચે સમજાવવાનું કે વચ્ચે આ બધું આવે છે. પણ નિશ્ચય-વ્યવહારની સંધિ કરવી જોઈએ. એમાંથી એક આત્મા ગ્રહણ કરે અને આ જે સ્વરૂપ છે, દ્રવ્ય-ગુણ-પર્યાયનું એ ઈ કાંઈ છે જ નહીં. એમ છોડી દે તે કાંઈ છે નહીં ઈ બધે સ્વરૂપ સમજીને તે દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી. ૨૫.

*** પ્રશ્ન : પૂજ્ય માતાજી! જેમ જ્ઞાન ને ચારિત્ર કહેતાં કાંઈક એનો આછો પાતળો ભાવ પકડાય છે. પણ દૃષ્ટિ કે જેના આધારે ભવકટ્ટી થઈ જાય, બધા જ વિભાવ દૂર થઈ જાય, એવી દૃષ્ટિના સ્વરૂપનો મહિમા સમજાવવા વિનંતી.**

● ઉત્તર : જ્ઞાન એ જ્ઞાન કહીએ તે 'જાણવું'. બાકી ખરું જ્ઞાન જે સ્વ તરફ જાય ત્યારે કહેવાય. ચારિત્ર છે તે આશ્રયની અપેક્ષાએ છે. બાકી ખરું ચારિત્ર તો સ્વરૂપમાં જાય ત્યારે થાય છે. દૃષ્ટિ શ્રદ્ધા, સ્વરૂપ તરફ દૃષ્ટિ થઈ. તેથી જ વિભાવ સ્વભાવના ભેદ કરીને કે આ સ્વભાવ છે, આ વિભાવ મારાથી જુદો, ગુણભેદ ઉપર પણ એ ટકતી નથી ત્યાં. એક પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરે એવી જે દૃષ્ટિ એ વિચાર અને પુરુષાર્થ સાથે શ્રદ્ધાનું બળ છે બસ એક આત્માની રુચિ કરીને ટકી રહે છે. એવી દૃષ્ટિ કોઈ જુદી છે અને એમાં જ એને સ્વાનુભૂતિ બધું એમાં જ થાય છે એ દૃષ્ટિના બળેથી. એ દૃષ્ટિ બીજે ક્યાંય જતી જ નથી. એક આત્માને જ ગ્રહણ કરે છે. એ બદ્ધસ્પષ્ટ ભાવો બધા ઉપર તરે છે. એ ઉપર ઉપર જ—એટલે એક આત્મા જ. એને જે તળ હોય આવ્યું છે એમાં ઉપર જ એની દૃષ્ટિ રહે છે. એ દૃષ્ટિ સાથે દિશા બદલાઈ ગઈ છે એની. એવી રીતે આત્મા ઉપર દૃષ્ટિ ચોંટી ગઈ, એ પછી બીજે કોઈ ગુણભેદ, પર્યાયભેદ એ પર દૃષ્ટિ ટકતી નથી. જ્ઞાનમાં બધું આવે છે. જ્ઞાનમાં બધું આવે પણ એની દૃષ્ટિ તો એક ચૈતન્યને ગ્રહણ કરે છે. એ દૃષ્ટિ —એ એની શ્રદ્ધા

એ એક એકરૂપને ગ્રહણ કરે છે. જ્ઞાનમાં બધું આવે છે. પછી જ્ઞાન દ્રવ્યને જાણે, પર્યાયને પણ જાણે. પણ દૃષ્ટિ એક આત્માની. જેવું સમ્યક્‌દર્શન થયું એની સાથે સમ્યક્‌જ્ઞાન દર્શન સાથે જ હોય છે. એજ તેનું મુખ્ય નિશ્ચયની અપેક્ષાએ સમ્યક્‌દર્શન છે, પણ સમ્યક્‌જ્ઞાન પણ એની સાથે જ હોય છે. સમ્યક્‌દર્શનની સાથે સમ્યક્‌જ્ઞાન હોય જ છે—એક આત્માને ગ્રહણ કરે એટલે એના ગુણ-પર્યાયનું ગ્રહણ ન હોય એમ ન બને. એ એમ જ્ઞાન અને દર્શન બેય સાથે જ રહે છે. મોક્ષમાર્ગમાં એ બે સાથે જ રહે છે. ચારિત્રની આરાધના સાથે રહે છે. બાકી સાથે જ રહીને દૃષ્ટિ નોખી પણ જ્ઞાન એની સાથે જ રહે છે. બેય સાથે જ રહે છે. જ્ઞાન અપેક્ષાએ જ્ઞાનની મહિમા છે, દૃષ્ટિની અપેક્ષાએ દૃષ્ટિની. પણ દૃષ્ટિથી જ ભવના અભાવની સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. દૃષ્ટિ મહિમાવંત છે, સમ્યગ્દર્શન થાય એટલે જ જ્ઞાનને સમ્યક્‌જ્ઞાન કહેવાય છે. સમ્યક્‌દર્શન વગરનું જ્ઞાન એ જ્ઞાન નથી. આત્માને જણાવે તેને જ્ઞાન. માટે સમ્યક્‌દર્શનનો મહિમા છે. ૨૬.

*** પ્રશ્ન : દ્રવ્યદૃષ્ટિનું પહેલા પરિવર્તન, દૃષ્ટિ પલટાવવી જોઈએ?**

● ઉત્તર : દૃષ્ટિ પલટાવવી જોઈએ સમ્યક્‌જ્ઞાન વખતે જ પહેલા જ્ઞાન-વ્યવહારે જ્ઞાન થાય, દ્રવ્ય કોને કહેવાય? જીવ કોને કહેવાય? પર્યાય કોને કહેવાય? ભેદ અભેદ કોને કહેવાય, એ બધું જ્ઞાનમાં જણાય છે. એ જ્ઞાનમાં નિર્ણય કરે છે અને એને વ્યવહારનું જણાય કેવી રીતે? એ જ્ઞાન વચ્ચે એ સાધન વચ્ચે બને છે વ્યવહારે, પણ દૃષ્ટિ મુખ્ય છે. ૨૭.

*** પ્રશ્ન : જ્ઞાન થતાં એની દૃષ્ટિ બદલાઈ જાય છે?**

● ઉત્તર : વ્યવહારે જ્ઞાન, વ્યવહારે જ્ઞાન, કહેવાય છે ને કે તું સાચું જ્ઞાન કર. સાચા જ્ઞાન વગર નિર્ણય રહેતો નથી. જ્ઞાન વગર

આત્માને ગ્રહણ કેવી રીતે કરે? સાચી સમજણથી આત્માને ગ્રહણ કરે. આત્માનો નિર્ણય કરે, એ બધું જ્ઞાનથી થાય છે. માટે જ્ઞાન વ્યવહારે સાચું સાધન બને છે. પ્રગટ કરે છે સમ્યક્દર્શન. દૃષ્ટિને પ્રગટ કરે છે. પણ જ્ઞાન સાથે હોય છે. સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર એમાં સમ્યગ્દર્શન મુખ્યપણે પ્રગટ કરે છે એ જ્ઞાન સાચું જ્ઞાન કહેવાય. સાચું જ્ઞાન કર્યા વગર દૃષ્ટિ પ્રગટ કઈ રીતે કરવી? જાણ્યા વગરની. ૨૮.

**✻ પ્રશ્ન : જ્ઞાયક, જ્ઞાયકને ઓળખવાનો પ્રયત્ન કરે છે કે 'આ જાણનાર તે હું' પણ એની સાથે સાથે હું પરિપૂર્ણ જ્ઞાન, પરિપૂર્ણ આનંદ એ વર્તમાનમાં હું પૂર્ણ છું એ જ્યાં સુધી એને ભાવમાં ન આવે ત્યાં સુધી ખરેખર ભેદજ્ઞાન થઈ શકે નહીં?**

● ઉત્તર : 'હું જ્ઞાયક છું' એમ એને પરિપૂર્ણ ઈ એને ખ્યાલમાં આવે. સ્વભાવ પૂર્ણ છે પણ પર્યાય નથી પ્રગટ થઈ. સ્વભાવ પૂર્ણ છે. એને ખ્યાલમાં રહી જાય છે કે. 'હું સ્વભાવે પૂર્ણ છું, કોઈ અંશ કે કોઈ પણ મારામાંથી નાશ નથી થયો. હું સ્વભાવથી પૂર્ણ છું એવો ખ્યાલ રહે છે. 'હું પરિપૂર્ણ સ્વભાવે, હું ગુણોથી ભરેલો.' પણ એ ગુણો પ્રગટ નથી. અનંત ગુણ એને ખ્યાલમાં નથી આવ્યા પણ એની મહિમા કરતાં—એની મહિમા અંદરમાં આવવી જોઈએ. એમ મહિમા અને 'હું પૂર્ણ સ્વરૂપ છું, હું પૂર્ણ છું.' એને ખ્યાલ આવે, એવી જાતની એક પ્રતીત થાય અને પૂર્ણતા પ્રગટ પછી થાય છે. પણ એ પ્રતીતિ જ્ઞાયક તરફની, આવી પ્રતીતિ હોવી જોઈએ, એ લક્ષણથી એક જ્ઞાયકને ઓળખ્યો એ જ્ઞાયકની અંદર પૂર્ણતા અને એની મહિમા અનંતતાથી ભરપૂર. એ બધું સાથે આવી જાય છે. એને વિકલ્પ નથી રહેતો, બધું સાથે આવી જાય છે. ૨૯.

**✻ પ્રશ્ન : ઇ પ્રતીતિ પહેલાં આવવી જોઈએ?**

● ઉત્તર : હાં, પહેલાં આવી પ્રતીતિ આવવી જોઈએ.

✻ પ્રશ્ન : કે હું જ્ઞાયક–પરિપૂર્ણ જ્ઞાયક તે હું છું અને મુખ્ય કરીને જ્ઞાન અને આનંદ છે તો જ્ઞાન અને આનંદથી અસંખ્યપ્રદેશી હું પરિપૂર્ણ વસ્તુ છું વર્તમાનમાં છું?

● ઉત્તર : પરિપૂર્ણ વસ્તુ હું છું. વર્તમાનમાં છું પછી પૂર્ણ થવાય એમ નહીં. અત્યારે જ પૂર્ણ છું આનંદથી ને જ્ઞાનથી. આનંદનો અનુભવ તો એને સ્વાનુભૂતિમાં આવે છે. ત્યાર પછી એને શાંતિ ને આનંદ વેદાય છે. પહેલાં તેને શાંતિ કે આનંદ નથી. પણ એ નક્કી કરે, ઈ લક્ષણથી નક્કી કરે. ઈ નક્કી કરે એમાં એને બધી મહિમા ને બધી જાતની એને પ્રતીતમાં આવી જાય છે. બેય પડખાને ઈ જાણે છે. ૩૦.

પરમ પૂજ્ય સદ્ગુરુદેવનો જય હો!
પૂજ્ય ભગવતી માતનો જય હો!

## આતમ હંસા હૈ અનમોલ

આતમ હંસા હૈ અનમોલા, ઉસકા કિસસે કરે તું તોલ
તોલ, મોલ સબ ખેલ ખલકકે, ઉનસે નાતા શીઘ્ર તોડ.

જો અપના જ્ઞાયક હૈ ઉનસે, ઓ પ્યારે તું નાતા જોડ.
ક્યા નહીં તેરે પાસ ઓ આતમ, માંગ રહા દુઝેસે ભીખ

બંસી બજાકર મોહીની તુજકો, નાચ નચાતી ઓ ચેતન.
ભવાટવીમેં બહુ ઘૂમાતી, આનંદધામસે કરતી દૂર

તું તો સિદ્ધ સમાન સદા હી, જિનદેવોંકા યે સંદેશ
અબ તો સુન, સમઝ સયાને, તું તો હૈ ગુણોંસે પૂર્ણ.